## ટ્રેક નં. ૩૨ : નિર્વિકલ્પ દશા વિષે

✽ પૂજ્ય ગુરુદેવ તો પ્રવચનમાં નિર્વિકલ્પ દશાના વખાણ કરતા થાકતા જ ન હતા. અહાહા! કેવી હશે તે નિર્વિકલ્પ દશા! આ વિષે સ્વાનુભવ વિભૂષિત પૂજ્ય બહેનશ્રી કે જેમણે આ નિર્વિકલ્પ દશા માણી છે, તેમને જ બોલવા દઈએ.

✽ માંગલિક

ભક્તિ : દર્શન મોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્ર મોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન જો.

✽ પ્રશ્ન : નિર્વિકલ્પ અનુભૂતિ વખતે જ્ઞાન ગુણ પરિણમન તો કરતો જ હોય છે. તો તે વખતે આત્માના બંધારણના દ્રવ્ય, ગુણ, પર્યાય નિર્વિકલ્પપણે જાણવામાં આવે છે? કે બધું એકમેક રૂપે જ અનુભવાય છે ?

● ઉત્તર : જ્ઞાનગુણ પરિણમન કરતો હોય છે. એ પરિણતિ તો ઉભી છે. નિર્વિકલ્પમાં જો અંદરમાં જાય અને દ્રવ્ય, ગુણ અને પર્યાય પોતે જો ન રહેતા હોય તો જ્ઞાનગુણનું પરિણમન જ ન રહે. પણ જે પોતે નિર્વિકલ્પ–વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થાય, પહેલા પ્રમાણ, નય પ્રમાણથી નક્કી કર્યું કે દ્રવ્ય ગુણ પર્યાય વસ્તુમાં છે. એ વિકલ્પ સાથે તો નક્કી કર્યું. અંદરમાં જાય છે ત્યાં નિર્વિકલ્પમાં પણ દ્રવ્ય, ગુણ, પર્યાય બધું ઉભું છે વસ્તુમાં. પણ એકમેક એટલે દ્રવ્યથી વસ્તુ જુદી નથી. વસ્તુ, ગુણ અને પર્યાય જુદા નથી, ભલે એકમેક છે. પણ એના લક્ષણો અને પર્યાયો જેમ છે એમ જ્ઞાનમાં જણાય છે. વસ્તુનું સ્વરૂપ નિર્વિકલ્પપણે જેમ છે એમ જણાય છે. એ કાંઈ જુદી વસ્તુ તરીકે નથી જણાતું. પણ એક જ વસ્તુનું સ્વરૂપ જેમ અગ્નિની ઉષ્ણતા તે ઉષ્ણતા અગ્નિથી જુદી નથી. શીતળતા પાણીથી જુદી નથી તે બધા

દૃષ્ટાંતો છે. સાકરમાં ધોળાશ, મીઠાશ બધું છે, એ બધું કાઈ એનાથી જુદું નથી. પણ એવી જાતના ગુણો એમાં છે. એમાં સહજપણે છે. વિકલ્પ છૂટી ગયા પહેલા વિકલ્પથી નક્કી કર્યું પણ પછી વિકલ્પ છૂટી ગયા તો સ્વરૂપ તો રહી જાય છે, અને તે સ્વરૂપ જ્ઞાનમાં જણાય પણ છે. જ્ઞાન પોતાને જાણે છે. અભેદને જાણે છે. જ્ઞાન ભેદને જાણે છે. જ્ઞાન ગુણ અનંત ગુણોને, જ્ઞાન પોતાની પર્યાયોને, બધાને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. એકમેક એટલે એક વસ્તુમાં બધું છે. એની અપેક્ષાએ એકમેક છે પણ ગુણભેદ ને પર્યાયભેદ અને લક્ષણભેદ અને અંશ અંશીનો ભેદ છે. પર્યાય પલટાય છે. તે બધું જેમ છે એમ બધું જ્ઞાનમાં જણાય છે. તે કાંઈ એના એકમેક એટલે કે ગુણ અને પર્યાય રહેતા નથી એમ નથી. તે જ્ઞાનની જે પર્યાયે—જ્ઞાનનો જાણવાનો સ્વભાવ અને ગુણો જે પરિણમન કરે છે અને ભાવો—આત્મામાં અનંત ભાવો રહેલા છે તે જેમ છે એમ જ્ઞાન બધાને જાણે છે. એ અનુભૂતિ વખતે કોઈ અપૂર્વ અનુભૂતિ છે. જે વિકલ્પથી નક્કી કર્યું એનાથી તો એને અનુભૂતિ ભલે જુદી ને અપૂર્વ છે તો પણ ગુણ, પર્યાયનો નાશ નથી થતો. એ અનુપમ અનુભૂતિમાં એના ગુણ પર્યાયો જેમ છે તેમ એને અદ્ભૂત રૂપે એને જણાય છે. તે એના એકમેક છે, દ્રવ્ય અપેક્ષાએ જુદું નથી. એકમેક અનુભૂતિ હોવા છતાં એના લક્ષણ-પર્યાયો જેમ છે એમ બરાબર. એના અંશ અંશીના ભેદો, એની પર્યાયોના પરિણમન.—ક્ષણે ક્ષણે પરિણમન, આત્માના જે આત્માના ગુણના જે તરંગો થાય છે તે બધું જેમ છે એમ એને અદ્ભુત અને આશ્ચર્યકારી જ્ઞાનમાં બધું જણાય છે. તે કાંઈ નીકળી નથી જાતું, અભેદ એટલે એમાં ગુણો જ નથી અને પર્યાયો નથી એમ નથી, સિદ્ધ ભગવાનમાં બધું રહે છે. અનંત ગુણ અને અનંત પર્યાય. સિદ્ધ ભગવાન વીતરાગ થઈ ગયા તો પણ અનંત ગુણ, અનંત પર્યાય બધું—જ્ઞાન બધાને જાણે છે. સ્વાનુભૂતિમાં પણ એનું જ્ઞાન પૂર્ણ નથી પણ એની સ્વાનુભૂતિમાં જે આવે તે એની અનંત અગાધતા જે છે

તેમાં પર્યાયો, ગુણો તે જેમ છે તેમ જણાય છે. આકુળતા રૂપે કે વિકલ્પરૂપે નહીં પણ નિર્વિકલ્પરૂપે સ્વાનુભૂતિમાં જેમ છે તેમ જણાય છે. એવું વસ્તુનું સ્વરૂપ જ છે. ૧.

**✻ પ્રશ્ન : નિર્વિકલ્પ અનુભૂતિ વખતે આનંદ પ્રગટ હોય તે તો સમજાય એવી વાત છે પણ જ્ઞાન ગુણનું પરિણમન તો કામ કરતું જ હોય છે, તે પરિણમનમાં આત્માના બંધારણરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાય નિર્વિકલ્પપણે જાણવામાં આવતા હશે?**

● ઉત્તર : નિર્વિકલ્પપણે જાણે છે. એને વિકલ્પ નથી હોતા. એને રાગના વિકલ્પ નથી. એને ભેદ વિકલ્પ નથી કે આ જ્ઞાન છે કે આ દર્શન છે, કે આ ચારિત્ર છે. એમ રાગના, ભેદના વિકલ્પ પડતા નથી, પણ જ્ઞાનમાં જે પરિણમન છે તે સહજ જાણે છે. ગુણ અને પર્યાયને સહજ જાણે છે. એને ભેદ વિકલ્પ નથી પણ જાણવાનું જે એનું પરિણમન છે. જ્ઞાન ગુણ કાંઈ નાશ પામ્યો નથી. જ્ઞાન ગુણ તો પરિણમે જ છે. દર્શન જે દૃષ્ટિ અપેક્ષાએ સામાન્ય અને વિશેષ જ્ઞાન ચેતના તે જ્ઞાન ચેતના છે એ તો જ્ઞાનનો ઉપયોગ પોતામાં ગયો છે. પોતે પોતાને જાણી રહ્યો છે. ગુણ અને પર્યાય બધું જાણે છે. તે વખતે તેના ગુણ કે પર્યાયો કાંઈ નાશ પામ્યા નથી અને ગુણ અને પર્યાયો તો પરિણમે જ છે, એને જ્ઞાન જાણે છે. એને ભેદ પાડીને આ જ્ઞાન ને આ ચારિત્ર એમ ભેદ નથી પડતા. પણ જ્ઞાન પોતાના અનંત સામર્થ્યને, અનંત ગુણોને, અનંત પર્યાયોને જાણે છે. એને અનુભવાય છે. ૨.

**✻ પ્રશ્ન : એમ કહેવાય કે પ્રમાણરૂપ આત્મા જ એને અનુભવાઈ રહ્યો છે.**

● ઉત્તર : આખો આત્મા જ. દ્રવ્ય, ગુણ, પર્યાય એ આખો આત્મા જ અનુભવાય છે પ્રમાણ અપેક્ષાએ. આખો આખો. કેવળજ્ઞાન નથી પણ આખો આત્મા દ્રવ્ય, ગુણ, પર્યાય જે રૂપે પરિણમે છે તેમ અનુભવાય છે. જેટલી પરિણતિ પ્રગટ થઈ છે એ

એને અનુભવાઈ રહી છે જ્ઞાનમાં. એ વખતે કાંઈ શૂન્ય નથી થઈ ગયો કે એમાંથી દૃષ્ટિ એની જામી ગઈ અને ઉપયોગ એમાં આવી ગયો હોય એટલે એની પર્યાય કે ગુણ કે કાંઈ એમાંથી નીકળી નથી જતા. તે તો વસ્તુનું સ્વરૂપ છે. ગુણોને જ્ઞાન જાણે છે. પર્યાયને જાણે છે, બધાને જાણે છે. ૩.

**✻ પ્રશ્ન : ભેદરહિત જાણે છે?**

● ઉત્તર : ભેદરહિત જાણે છે. વિકલ્પ વગર જાણે છે. નિર્વિકલ્પપણે જાણે છે. ૪.

**✻ પ્રશ્ન : નિર્વિકલ્પમાંથી પાછુ જ્યારે વિકલ્પમાં આવે ત્યારે પહેલા કરતા વિશેષ વધારે ગાઢપ કે ઓછી ગાઢપ આવી છે, એમ એના ખ્યાલમાં આવી જાય છે?**

● ઉત્તર : એમ એને ખ્યાલ આવી જાય કે આ વિકલ્પ આવ્યા. ઓલી તો નિર્વિકલ્પ અવસ્થા હતી, જાણે છે. બધું ભેદ પાડીને જાણે કે સ્વાનુભૂતિમાં શું અનુભવ થયો તે પોતે ભેદ વિકલ્પથી પણ જાણે છે. પછી બહાર આવ્યો ત્યારે એટલે તે પોતે સમજી જાય છે કે આ તો ભેદ, રાગનો વિકલ્પ આવ્યો. ઓલી નિર્વિકલ્પ, વિકલ્પ વગરની દશા હતી. આ વિકલ્પવાળી દશા છે તે જાણે છે. પણ તે બહાર આવ્યો તો રાગ સાથે એકત્વબુદ્ધિ નથી થાતી. ભેદજ્ઞાનની ધારા તો વર્તે જ છે. 'હું જ્ઞાયક તે જ્ઞાયક' અને આ વિકલ્પ તે વિકલ્પ, પણ તે વિકલ્પ છૂટી ગયો તો તે જાણે છે કે ઓલી નિર્વિકલ્પ અવસ્થા હતી અને આ વિકલ્પવાળી દશા છે. બરાબર જાણે છે. એ આખું જુદું જ હતું. તે નિર્વિકલ્પાળી અવસ્થા હતી અને આ વિકલ્પવાળી દશા છે. જાણે છે બરાબર. પોતાની સ્વાનુભૂતિને જાણે છે. સ્વાનુભૂતિને ભૂલી નથી ગયો, સ્વાનુભૂતિને જાણે છે જ્ઞાનમાં. વિકલ્પવાળી દશા જાણે છે. વચ્ચે પોતે ભેદજ્ઞાનની ધારા વર્તે છે કે એકત્વ નથી થયું અને જુદો રહીને જાણું છું. બધું જાણે છે. ભેદજ્ઞાનની ધારાને જાણે છે, રાગને જાણે છે અને સ્વાનુભૂતિને જાણે છે. બધું જાણે છે. ૫.

✻ પ્રશ્ન : આપે જેમ કહ્યું હતું ને કોઈ વેળાએ થોડું જાણે અને કોઈ વેળાએ ખૂબ ઢગલા થઈ જાય તે બેઉના આંતરો પણ એના જ્ઞાનમાં ખ્યાલમાં આવે ખરો?

● ઉત્તર : વિશેષ નિર્મળતા થઈ હોય તો વધારે ખ્યાલમાં આવે, અમુક નિર્મળતા—અમુક નિર્મળતા—બધું જાણે, બધું જેમ હોય એમ જાણે છે. એનું જ્ઞાન સૂક્ષ્મ થઈને બધું જાણી શકે છે, જાણે છે પોતે બરાબર. જ્ઞાન છે, જ્ઞાન તો બધું જાણે. કેવળજ્ઞાન નથી એટલે પૂરું જણાતું નથી. બાકી પોતે પોતાની દશાને તો જાણે છે. પોતાના જે અનુભવમાં આવી રહ્યું છે તેટલું તો જાણે છે, પોતાના વિકલ્પને, પોતાની દશાને, સ્વાનુભૂતિને તે બધું પોતે જાણે છે. બહારનું કેટલું જાણવું તે કાંઈ નિયમ નથી પણ અંદરની પોતાની દશાને તો બરાબર જાણે છે, એને પૂછવા જાવું ન પડે. પોતે પોતાથી જાણે છે પોતાને, પોતાના સ્વરૂપને પોતે જાણે છે. ૬.

✻ પ્રશ્ન : જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય ત્રણ અભેદરૂપે પર્યાયમાં અનુભવાય. એટલે શું પર્યાયમાં આ ત્રણે હોય છે?

● ઉત્તર : આ ત્રણે પર્યાયમાં હોય છે એમ નહીં. પણ તે પોતે પરિણતિ પર્યાયમાં જાણે એટલે કે એ જ્ઞાનની પર્યાય પરિણમે છે. પણ તે પર્યાય દ્રવ્યને, ગુણને, જ્ઞાતાને, જ્ઞાનને, જ્ઞેયને બધાને જાણે છે. પણ એ પર્યાય જાણે જ છે. પણ એ પર્યાયની અંદર બધા ગુણ અને દ્રવ્ય પર્યાયમાં આવી ગયા એમ નથી. પર્યાય બધાને જાણે છે એમ, જ્ઞાનની પર્યાય બધાને જાણે છે. પર્યાયની અંદર બધું આવી નથી જતું. જાણવાની અપેક્ષાએ આવ્યું. પણ તે કાંઈ વસ્તુ એમાં નથી આવી જતી. એક પર્યાયની અંદર બધા ગુણો અને દ્રવ્ય ને બધું એક પર્યાયમાં આવી ગયું એમ વસ્તુ તરીકે આવી નથી જતું. એના જ્ઞાનમાં—પર્યાયમાં જણાય છે. એમ દૃષ્ટિનો વિષય દ્રવ્ય છે એટલે દૃષ્ટિનો વિષય દ્રવ્ય થયો એટલે એ પર્યાયનો વિષય દ્રવ્ય થયો એટલે દ્રવ્ય એ કાંઈ અંદર પર્યાય જેટલું થઈ ગયું એમ નથી થાતું. ૭.

✻ પ્રશ્ન : આત્માને જાણ્યો એટલે ત્રિકાળી વસ્તુના જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય એમ થયું ને?

● ઉત્તર : એ પર્યાયમાં જણાય એટલે પર્યાય તો વર્તમાન ઉપયોગ થયો એ પર્યાય છે ને? વર્તમાનમાં સ્વાનુભૂતિ કાળે પર્યાય છે તે પર્યાયમાં જણાય છે. એટલે એ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય–ત્રિકાળી એટલે તે દ્રવ્ય-ત્રિકાળી ગુણ, ત્રિકાળી પર્યાય–તો વર્તમાન તો પરિણમે તે પર્યાય છે, ત્રિકાળી પર્યાય એટલે તો અનાદિ અનંત જે પર્યાય છે તે પર્યાય જુદી વાત છે પણ વર્તમાન જે પર્યાય છે જે ઉપયોગરૂપે પરિણમે તે પર્યાય વર્તમાનની છે. ૮.

✻ પ્રશ્ન : એ પર્યાય ત્રણ ભાવ ને વર્તમાનમાં જાણે છે?

● ઉત્તર : તે ત્રણ ભાવને જાણે છે. ૯.

✻ પ્રશ્ન : ભેદ પાડ્યા વગર?

● ઉત્તર : ભેદ પાડ્યા વગર. દ્રવ્ય પોતે અભેદ છે. એમાં અનંત ગુણો છે, એમાં પર્યાયો છે, એ પર્યાય બધાને જાણે છે. જ્ઞાનની પર્યાય છે. ૧૦.

✻ પ્રશ્ન : આનો અર્થ એ જ ને કે ત્રણે એકરસપૂર્વક અનુભવાય છે. તેનો અર્થ એમ કે ત્રણેને જાણે છે?

● ઉત્તર : ત્રણેને જાણે છે. ત્રણેને જાણે છે. વિકલ્પથી જાણે છે એમ નહીં, નિર્વિકલ્પપણે જાણે છે. એટલે તે અનુભૂતિરૂપે જાણે છે. વિકલ્પ નથી એટલે એને અનુભૂતિરૂપ જ્ઞાન થઈ રહ્યું છે. વિચારરૂપ જ્ઞાન થાય કે વિચારીને જાણે તે જુદું છે. આ તો પોતે તેમાં તન્મય—તદ્રૂપ થઈને એમ એટલે અનુભૂતિરૂપે જાણે છે. ૧૧

✻ પ્રશ્ન : ભાવ અને પરિણામ ક્યા પ્રકારના હોય? ભાવ અને પરિણામ જ્યારે આત્માની નિર્વિકલ્પ દશા થાય ત્યાર પહેલાના ?

● ઉત્તર : તે તો તેને લગતા જ જ્ઞાયકના. જ્ઞાયક તરફની પરિણતિ, જ્ઞાયક તરફ, જ્ઞાયકનું અવલંબન, દર્શન, જ્ઞાયકની શ્રદ્ધા, લીનતા બધું જ્ઞાયક તરફ. ૧૨.

✻ પ્રશ્ન : એક વાર અનુભૂતિ પ્રાપ્ત થયા પછી જીવ ધારે ત્યારે નિર્વિકલ્પ થઈ શકે ખરો ?

● ઉત્તર : જેને સ્વાનુભૂતિ પ્રાપ્ત થઈ છે તેણે માર્ગ જાણી લીધો છે કે ક્યા માર્ગે આ જ્ઞાયકમાં લીનતા થાય છે? 'આ જ્ઞાયક છે. આ બધા વિભાવ, આ બધું પરદ્રવ્ય, મારું સ્વરૂપ નથી. આ વિભાવ પણ મારો સ્વભાવ નથી. હું એનાથી જુદો છું.' એવી જાતની એને શ્રદ્ધા અને પ્રતીત–જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ છે, અનુભૂતિ થઈ છે. માર્ગ જાણી લીધો છે કે ક્યે માર્ગે ભાવનગર જવાય છે? એ માર્ગ જાણી, માર્ગનો એને સંતોષ છે. પણ કેવી રીતે ચાલીને જવું ? કોઈ ચાલીને જાય, ધીમે જાય, કોઈ ઉતાવળો જાય છે. એમ જેને જે સ્વરૂપમાં લીન થાવું હોય એની વર્તમાનની શુદ્ધિ અને નિર્મળતા હોય એની ભૂમિકામાં તે પ્રમાણે તે અંદર નિર્વિકલ્પ થાય છે. 'ધારે' એટલે એમ વર્તમાન એની ભૂમિકામાં નિર્મળતા હોય અને શુદ્ધિ હોય એ પ્રમાણે એને શુદ્ધોપયોગની પરિણતિ થાય છે. બાકી જ્ઞાયકની ભેદજ્ઞાનની પરિણતિ તો નિરંતર રહે છે. ખાતા, પીતા, જ્ઞાયક, જ્ઞાયકની દશા જ હોય છે, ભેદજ્ઞાનની દશા ચાલુ છે. ખાતા, પીતા, જાગતા, સૂતા, સપનામાં ભેદજ્ઞાનની ધારા ચાલુ છે પણ નિર્વિકલ્પ દશા તેની ભૂમિકા પ્રમાણે થાય છે. પાંચમે ગુણસ્થાને તેની ભૂમિકા પ્રમાણે, છઠ્ઠે–સાતમે અંતર્મુહૂર્તે–અંતર્મુહૂર્તે થાય છે. ચોથે ગુણસ્થાને તેની નિર્મળતાની તારતમ્યતા ચોથાવાળાને જે જાતની હોય એ પ્રમાણે તે નિર્વિકલ્પ દશા થાય છે. બાકી પોતાનો સ્વભાવ છે તે સ્વભાવ જેમ પાણી પાણીને ખેંચે તે પોતા તરફ જાય છે. તેમ પોતે સ્વભાવ તરફ વળ્યો, સ્વભાવ તરફની પરિણતિ તેની દોડી રહી છે પણ તેની જે વિરક્તિ, લીનતા, ચારિત્ર તરફ લીનતા જે જાતની હોય તે પ્રમાણે તેની નિર્વિકલ્પ દશા થાય છે. હજી એને સ્વરૂપાચરણ ચારિત્ર છે. ચોથે ગુણસ્થાને છે, તેની નિર્મળતાની તારતમ્યતા હોય એ પ્રમાણે નિર્વિકલ્પદશાને પ્રાપ્ત કરે છે. ૧૩.

✻ પ્રશ્ન : નિર્વિકલ્પદશા છઠ્ઠાવાળાને રોજેરોજ હોય છે?

● ઉત્તર : એવું કાંઈ નથી. એની દશા હોય તે પ્રમાણે પુરુષાર્થ હોય છે. એ કાંઈ નિયમિત નથી હોતું. રોજ ન થાય એમ પણ નથી હોતું, થાય જ એમ પણ નથી હોતું, એની નિર્મળતા પ્રમાણે હોય. રોજ ન થાય કે અમુક દિવસે જ થાય એવો કાંઈ નિયમ નથી હોતો. એની નિર્મળતા પ્રમાણે થાય. છઠ્ઠે ગુણસ્થાને તો અંતર્મુહૂર્તે—અંતર્મુહૂર્તે થાય છે. ચોથાએ તેની નિર્મળતા હોય તે પ્રમાણે થાય. દરરોજ ન થાય એવું કાંઈ નિયમ નથી. ૧૪.

✻ પ્રશ્ન : શુદ્ધોપયોગનો એવો કાળ હોય છે ? એવું કાંઈ નથી કે આ કાળ હોય ?

● ઉત્તર : એવો કાંઈ કાળ નથી હોતો, એની જેવી પરિણતિની નિર્મળતા—વર્તમાનની શુદ્ધિ તે પ્રમાણે તેને નિર્વિકલ્પદશા થાય છે. વર્તમાનની જેવી વિરક્તિ—તે જેવી શુદ્ધિની પરિણતિ એ પ્રમાણે તેને નિર્વિકલ્પ દશા થાય છે. ૧૫.

✻ પ્રશ્ન : સમ્યગ્દષ્ટિને ઇચ્છા, ઇચ્છા તો રાગ છે તો એવો રાગ પણ હોતો નથી?

● ઉત્તર : તે આ વિકલ્પથી, ઈચ્છાથી-વિકલ્પથી નિર્વિકલ્પ થઈ શકાતું નથી. ઈચ્છા છે તે વિકલ્પ છે, એ વિકલ્પથી નિર્વિકલ્પ થવાતું નથી. અંતરની સહજ નિર્મળતાની પરિણતિ, શુદ્ધિની પરિણતિથી, અંતરની વિરક્તિથી નિર્વિકલ્પ દશા થાય છે. ભાવના એક જુદી વાત છે પણ ભાવનાથી, કૃત્રિમતાથી અંતરમાં જઈ શકાતું નથી. ઈચ્છા—રાગથી અંદર જઈ શકાતું નથી. વીતરાગી પરિણતિથી અંદર જઈ શકાય છે. ભલે શુભ ભાવ હોય, ભાવના છે, વિકલ્પ તૂટીને અંદર જાય છે. વિકલ્પ ઊભો રાખીને અંદર જઈ શકાતું નથી. ૧૬.

✻ પ્રશ્ન : આ પૂર્વ ભૂમિકામાં વિરક્તિ પર પદાર્થની હોય?

● ઉત્તર : અંતર જ્ઞાયકની દશાની સાથે વિરક્તિ હોય છે. સ્વરૂપની લીનતા—અસ્તિમાં સ્વરૂપની લીનતા અને શુદ્ધિ—પોતાની

નિર્મળતાની પરિણતિ. એ એને કારણે રહે છે અને નાસ્તિથી વિરક્તિ. ચોથા ગુણસ્થાનમાં એની એવી જાતની વિરક્તિ અને સ્વરૂપ તરફની લીનતા, નિર્મળતા હોય છે બાકી એટલી બધી દશાનો ફેર ન પડે પણ પાંચમા ગુણસ્થાન જેવી દશા એવી ન થાય. ભૂમિકા પ્રમાણે. ૧૭.

**✻ પ્રશ્ન : કોઈ પ્રતિબંધ નથી કે મહિના પહેલા ન થાય કે બે મહિને પહેલા ન જ થાય?**

● ઉત્તર : એવો કોઈ પ્રતિબંધ નથી. એવો કોઈ દિવસનો પ્રતિબંધ નથી. ૧૮.

**✻ પ્રશ્ન : ઘોડો જેમ છલાંગ મારે તેમ ઘણીવાર પુરુષાર્થ ઉપાડે તે પહેલા છલાંગ મારે. ઘણા દિવસ એવી કોઈ દશા ન આવે?**

● ઉત્તર : હા. એવું પણ થાય. ઘોડો છલાંગ પણ મારે છે. ઘોડો છલાંગ પણ મારે પણ એની ભૂમિકા પલટાય. એમ પુરુષાર્થની દોરી કોઈ વાર છલાંગ મારે, કોઈ વાર ધીમી ચાલે, એને કોઈ જાતનો પ્રતિબંધ હોતો નથી. એ જ્ઞાયકની દોરી પોતાના હાથમાં જ છે. જે પ્રમાણે એને નિર્મળતા ને લીનતા જે તરફની વિશેષ થાય એ પ્રમાણે થાય છે. કોઈ વાર સવિકલ્પ દશામાં રોકાય અને કોઈ વાર નિર્વિકલ્પ દશામાં જાય છે. કૃત્રિમ હઠ કરીને એ વિકલ્પથી આગળ જઈ શકાતું નથી. એની નિર્મળતાની પરિણતિથી આગળ જાય છે. ૧૯.

**✻ પ્રશ્ન : હઠથી થાતુ નથી અને ભૂમિકા વિરુદ્ધ પણ થાતું નથી?**

● ઉત્તર : ભૂમિકા વિરુદ્ધ થાતું નથી. ૨૦.

**શ્રોતા : સ્વાનુભૂતિ કેમ કરવી? નિર્વિકલ્પ કેમ થવું?**

● ઉત્તર : બહારનો રસ છે. શરીર પ્રત્યે એકત્વબુદ્ધિ છે. 'શરીર તે જ હું અને હું તે શરીર, ક્ષણે ક્ષણે વિભાવ તે હું અને હું તે વિભાવ' એવી એકત્વબુદ્ધિ થઈ રહી છે. એકત્વબુદ્ધિ તૂટે અને સ્વભાવની મહિમા આવે, સ્વભાવની એટલી લગની લાગે,

તાલાવેલી લાગે, 'હું જ્ઞાયક છું.' વિભાવનો રસ ઉતરી જાય. વિભાવ રસ નીતરી જાય પછી અમુક વિભાવ ઉભો રહે છે. પણ એના રસ બધાય ઉતરી જાય, ઢીલા થઈ જાય, ત્યારે એને પોતાના સ્વભાવની મહિમા, સ્વભાવનો પ્રેમ, એકદમ એના વિના પોતાને ક્યાંય રુચે નહીં. એટલી તૈયારી હોય ત્યારે સ્વાનુભુતિ થાય. જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરે એ સ્વભાવનો વિભાવ ઉપરથી રસ ઉતર્યા વગર જ્ઞાયક તરફ દૃષ્ટિ થાતી નથી. જ્ઞાયક તરફ દૃષ્ટિ ત્યારે થાય જ્યારે વિભાવનો રસ ઉતરી જાય. મારે કાંઈ જોઈતું નથી. બહાર તરફની દૃષ્ટિ—બહાર દૃષ્ટિ જાય છે તે—બધાના રસ ઉતરી જાય, તો તેને સ્વભાવની દૃષ્ટિ થાય. તો સ્વભાવનો મહિમા આવે તો વિભાવનો રસ ઉતરી જાય. સ્વભાવની લગની લાગે તો તેનો રસ ઉતરી જાય અને આ બાજુથી એમ કે વિભાવનો રસ ઉતરે તો સ્વભાવ તરફ રસ લાગે. બેઉ એક સાથે જ છે. ૨૧.

* પ્રશ્ન : શરૂઆત તો વિકલ્પથી જ કરે ને કે હું શુદ્ધ છું?

● ઉત્તર : 'હું શુદ્ધ છું' એવો તે વિકલ્પ કરે તો પણ વિકલ્પની પાછળ નિર્વિકલ્પ તત્ત્વ છે. એ એનું ધ્યેય હોય છે. વિકલ્પ વચમાં આવે તોય વિકલપથી થાતું નથી. 'હું નિર્વિકલ્પ તત્ત્વ છું' એવું ધ્યેય હોવું જોઈએ. ભલે 'હું જ્ઞાયક છું' એવા બધા સાથે સાથે વિકલ્પ છે પણ 'વિકલ્પ તે હું નથી. નિર્વિકલ્પ જ્ઞાયક છું. નિર્વિકલ્પતાથી ભરેલો, આનંદથી ભરેલો, ગુણોથી ભરેલો આત્મા છું' એવું ધ્યેય હોવું જોઈએ. જેમાં વિકલ્પમાત્ર કરવાથી 'મેં કરી લીધું' એવી દૃષ્ટિ નહીં, અંદર પહોંચવાનું બાકી છે. ઊંડે પહોંચવાનું છે. તે નિર્વિકલ્પથી જ થાય છે. ૨૨.

* પ્રશ્ન : સમ્યક્જ્ઞાન થવાનું છે એવી ખબર પડી જાય?

● ઉત્તર : બધાને ખબર પડે ન પડે, બધાને ખબર પડે જ એમ નથી. ૨૩.

**✻ પ્રશ્ન : ઘણાને ખબર પડી જાય?**

● ઉત્તર : ઘણાને પડે અને ઘણાને ન પણ પડે, એકદમ પલટો ખાઈ જાય પરિણતિ તો ન પણ ખબર પડે. ભાવના ઉગ્ર થાય, પુરુષાર્થ ઉગ્ર થાય. એકદમ અંતર્મુહૂર્તમાં પલટો ખાય તો પહેલેથી ખબર ન પડે, કોઈને પડે, કોઈને ન પડે. ૨૪.

**✻ પ્રશ્ન : વિચારદશા લાંબી ચાલી હોય તો?**

● ઉત્તર : લાંબી ચાલી હોય તો કેટલાકને પડે એમ. પણ બધાને પડે એમ નહીં. ૨૫.

**✻ પ્રશ્ન : જ્ઞાન થયા પછી એમ ખબર પડે કે હવે પછી આ વખતે નિર્વિકલ્પ દશા થશે?**

● ઉત્તર : આ વખતે થાશે એવો એ વિકલ્પ હોતો જ નથી. આ વખતે થાશે કે આ કાળે થાશે એવા વિકલ્પો નથી. પોતે પોતાની પરિણતિ પોતે અંતરમાં સ્વરૂપની લીનતાનો પ્રયાસ કરે છે. કાળ ઉપર કે ક્યારે થશે? તેના ઉપર તેને ધ્યાન નથી. એને પોતાને પોતાની પરિણતિની ન્યારા થવાની, જ્ઞાતા ધારાની ઉગ્રતા કરવાની એના ઉપર એની દૃષ્ટિ ત્યાં હોય છે. નિર્વિકલ્પ ક્યારે થાશે? એ જાતના એના વિકલ્પ નથી. પરિણતિ ન્યારી કરતો જાય છે. ન્યારી પરિણતિમાં તેની સહજ ધારા ઉપડે છે. ૨૬.

**✻ પ્રશ્ન : વિકલ્પ ભલે ન કરે પણ એવું એની ખબર નહીં પડતી હોય કે આ બે દિવસમાં કે ચાર દિવસમાં એની નિર્વિકલ્પ દશા થાવી જોઈએ?**

● ઉત્તર : એના ઉપર એની દૃષ્ટિ જ નથી. એની દૃષ્ટિ પોતાના ચૈતન્ય ઉપર સ્થપાયેલી છે. એની પરિણતિ ઉપર જ એનું ધ્યાન, પોતાના પરિણતિ, લીનતા ઉપર, જ્ઞાતાધારાની ઉગ્રતા ઉપર છે. ૨૭.

**✻ પ્રશ્ન : જ્ઞાતાધારાની ઉગ્રતા ઉપર ધ્યાન હોય તો સહજ નિર્વિકલ્પ દશા થાય?**

● ઉત્તર : સહજ. તો સહજ થાય છે. ૨૮.

✻ પ્રશ્ન : બેનશ્રી, સમ્યક્ત્વ આટલું દૂર છે તે કોના જોરે કહેતા હતા?

● ઉત્તર : જ્ઞાયકના જોરે કહેતી હતી. એ નિશ્ચિત કાંઈ નહોતું. તે જ્ઞાયકના જોરે કહેતી હતી. જોરથી એમ લાગતું હતું કે નજીક છે. આ પરિણતિ એવી છે કે છેક સુધી પહોંચે જ છૂટકો કરશે. આ પુરુષાર્થની ધારા એવી છે કે છેક સુધી પહોંચી જાશે. પોતાની ઉગ્રતાથી કહેતી હતી. ક્યારે થાશે? એવી કાંઈ નિશ્ચિત એવી ખબર નહોતી. અંતરની જ્ઞાયકની ઉગ્રતાથી કહેતી હતી. પોતાની ભાવના, પુરુષાર્થના જોરથી કહેતી હતી. ૨૯.

✻ પ્રશ્ન : અનુભવ પહેલાનો વિશ્વાસનો ભાવ પણ ગજબનો?

● ઉત્તર : હા. આ પુરુષાર્થનું જોર એવી જાતનું છે કે છેક પહોંચે જ છૂટકો કરશે. ૩૦.

✻ ભક્તિ : આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો,
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી (૨)
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો.

✻ પ્રશ્ન : ભરતેશ વૈભવમાં આવ્યું હતું કે ભરત ચક્રવર્તી સવારના ઉઠીને રોજ પોતે પહેલા અનુભવ લે, નિર્વિકલ્પ દશા લે, પછી જ દિવસનું કામ એમનું આગળ વધારે.

● ઉત્તર : એવી ધ્યાનધારા પોતે કરે એટલે નિર્વિકલ્પ દશા આવે એમ. એવી જાતની પોતાની વર્તમાન પરિણતિની ઉગ્રતા કરે એટલે નિર્વિકલ્પ દશા, ભૂમિકા સમ્યગ્દર્શનમાં પલટાય છે તે એની વર્તમાન ચારિત્ર લીનતાની દશાની ઉગ્રતા કરે છે. એ સ્વાનુભૂતિ કેમ જલદી કરું? તે કરતા એ વર્તમાનની વિરક્તિ દશા વધી જાય છે એવી કે તે ગૃહસ્થાશ્રમમાં પણ રહી ન શકે, એવી જાતની એની લીનતા– એટલી વધી જાય છે. કે એ વર્તમાન લીનતા વધવાથી સ્વાનુભૂતિની ઝડપ થઈ જાય છે. તે છટ્ઠે સાતમે ગુણસ્થાને અંતર્મુહૂર્ત–

અંતર્મુહૂર્તમાં નિર્વિકલ્પ દશા ઝડપથી થાય છે. એની લીનતા—એની વર્તમાન લીનતા વધી જાય છે. વર્તમાન એની ચારિત્રની દશા, એની વિરક્તિની દશા, સવિકલ્પતામાં લીનતાનું જોર વધી જાય છે કે નિર્વિકલ્પદશા એની ઝડપથી આવે છે. એ નિર્વિકલ્પ દશા, વર્તમાન એની ચારિત્ર દશા, વર્તમાન તેની ધ્યાનની ઉગ્રતા છે. ચારિત્ર એનું તે કાર્ય છે. પોતાની ચારિત્ર દશાની ઉગ્રતાને કારણે તે ઝડપી થાય છે. અંતરની ઉગ્રતા—અંતરમાં વર્તમાનની જે ઉગ્રતા હોય છે એનાથી એનું કાર્ય થાય છે. વીતરાગ દશા એને છટ્ઠે—સાતમે ગુણસ્થાને વધતી જાય છે. એટલે એમાં શ્રેણી મંડાય જાય છે. 'હું શ્રેણી માંડું' એમ એને હોતું નથી. પણ વીતરાગ દશાની ઉગ્રતા થાતી જાય છે એટલે શ્રેણી માંડે છે. એવી એની સ્થિતિ થઈ જાય છે કે અંતર ગયા તે ગયા પછી બહાર જ ન આવે. એવી ઉગ્રતા થઈ જાય છે કે શ્રેણી માંડે છે એટલી વીતરાગ દશા વધી જાય છે. એની ગૃહસ્થાશ્રમમાં એની વર્તમાન જ્ઞાતાધારાની ઉગ્રતા. એની લીનતા. એની વિરક્તિ દશાની એવી ઝડપ હોય છે એટલે સ્વાનુભૂતિ દશા એને થાય છે. એની લીનતાના કારણે તે કાર્ય આવે છે. સ્વરૂપાચરણ ચારિત્ર ચોથે ગુણસ્થાને હોય પણ એની એ તારતમ્યતા હોય છે. કોઈને ઉગ્રતા હોય છે. ભૂમિકા પલટાય એટલે એકદમ વધારે એની લીનતા અને ઉગ્રતા થઈ જાય છે. ૩૧.

*** પ્રશ્ન : એ લીનતા તો ચોવીસે કલાક ચાલતી હશે? ઉગ્રતાપણું વધી જાય એટલે ?**

● ઉત્તર : ચોવીસે કલાક એની ભૂમિકા પ્રમાણે હોય. અમુક જે એને સમ્યગ્દર્શનને લગતી લીનતા હોય તે ચોવીસે કલાક. એની વિશેષ જે લીનતા, તારતમ્યતા તે એની પુરુષાર્થ પ્રમાણે હોય. ભૂમિકા બદલાય તે એની લીનતા વળી વિશેષ હોય છે. પાંચમું—છઠ્ઠું—સાતમું એ લીનતા એની જુદી હોય છે. અંતર્મુહૂર્તે—અંતર્મુહૂર્તે સ્વાનુભૂતિમાં પ્રવેશ કરે છે. અંતર્મુહૂર્તે—અંતર્મુહૂર્તે વિકલ્પ છૂટીને

સ્વાનુભૂતિમાં જાય છે. એ એની લીનતા એકદમ ઉગ્ર હોય છે. ખાતા, પીતા, સૂતા અંતર્મુહૂર્તે–અંતર્મુહૂર્તે સ્વાનુભૂતિમાં જ એને પ્રવેશ થાય છે તે બહાર રહી શકતા નથી. અંતર્મુહૂર્તથી વધારે બહાર જ રહી શકતા નથી. એટલે પોતાના સ્વરૂપમાં એકદમ પ્રવેશ થઈ જાય છે અને લીનતામાં પ્રવેશ થાય છે. અસ્તિનું જ્ઞાન તો પ્રગટ છે જ પણ આ લીનતાની વિશેષતા છે. ચારિત્ર દશા વધે છે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને. ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર હોય છે. પાંચમે ગુણસ્થાને એથી વિશેષ હોય છે. પાંચમે ગુણસ્થાને તે ભૂમિકા સહજ હોય છે. એમાં એની સ્વરૂપની લીનતા વધતી જાય છે, તે પ્રમાણે એના શુભ પરિણામ વધતા જાય પણ અને અંતરમાં સ્વાનુભૂતિની દશા વધતી જાય છે. ૩૨.

**✻ પ્રશ્ન : મુનિ મહારાજને જેમ આમ ખાતાં, પીતાં, હરતાં, ફરતા નિર્વિકલ્પદશા થઈ જાય છે. એમ ચોથે ગુણસ્થાને કોઈકવાર થાતું હશે કે નહીં?**

● ઉત્તર : કોઈકવાર થઈ જાય. પણ એને નિયમ નથી હોતો. છઠ્ઠે-સાતમે તો નિયમ હોય. સ્વરૂપાચરણ ચારિત્રમાં એમ હોય પણ એમ નિયમિત નથી હોતું, છઠ્ઠે-સાતમે તો અંતર્મુહૂર્તે–અંતર્મુહૂર્તે નિયમિત થાય છે. ચોથા ગુણસ્થાને લીનતા ક્યારેક વિશેષ થઈ જાય, ન જ થાય એમ નથી પણ એનો નિયમ નથી. ૩૩.

**✻ પ્રશ્ન : જ્યારે ધ્યાનમાં બેસે ત્યારે જ નિર્વિકલ્પ દશા થાય એવો નિયમ નહીં?**

● ઉત્તર : ધ્યાનમાં બહારથી બેસે યા ન બેસે. કોઈ વાર બહારથી બેસે ને થાય. કોઈ વાર ન બેસે પણ અંતરમાં અમુક પ્રકારે ધ્યાન તો એનું પ્રગટ જ થઈ ગયું છે. જે જ્ઞાતાનું અસ્તિત્વ જેણે ગ્રહણ કર્યું છે. જ્ઞાયકની ધારા વર્તે છે એટલી એકાગ્રતા તો એને ચાલુ છે. એટલે એ પ્રકારનું ધ્યાન તો એને છે. ધ્યાન એટલે એકાગ્રતા જ. તે ધ્યાન તો એ જાતની એકાગ્રતા છૂટતી જ નથી. અમુક પ્રકારની

એકાગ્રતા તો એને છે. એ એકાગ્રતામાં કાંઈ વિશેષતા થઈ જાય તો એને કંઈ બહારથી ધ્યાનમાં બેસે તો જ થાય એવો નિયમ નથી. એને એવું બંધન નથી કે ધ્યાનમાં બેસે તો બહારથી શરીર બેસે એવું બંધન નથી. શરીર બેસી જાય એવું બંધન નથી. અંતરમાં એકાગ્રતા વધે. અમુક એ જાતની એકાગ્રતા તો છે. પણ વિશેષ એકાગ્રતા ક્યારે વધી જાય? એને શરીર બેઠું તો જ વધી જાય એવો નિયમ નથી. મુનિને તો નથી પણ ચોથે ગુણસ્થાને પણ એવો નિયમ નથી. બધી વાર એવો નિયમ ન હોય. કોઈ વાર એમ પણ બને કે ધ્યાનમાં બેઠો હોય ત્યારે. બહારથી ધ્યાનમાં બેઠો હોય. કોઈવાર ગમે તે સ્થિતિમાં શરીર હોય ને ધ્યાન થાય. એવું કાંઈ બહારનું બંધન નથી. સહજ દશા થઈ ગઈ છે. અનાદિનો પહેલો વહેલો થાય એને પલટો ખાવામાં થોડી મુશ્કેલી થાય. કોઈને અંતર્મુહૂર્તમાં ય થઈ જાય છે. એ એમાંય અંતર્મુહૂર્તમાં થઈ જાય છે. પછી એની દશા સહજ છે. એટલે બહારમાં અમુક જાતનું બેસે તો થાય એવું એને નથી. ૩૪.

**✻ પ્રશ્ન : એકવાર નિર્વિકલ્પ દશા થાય, પછી અમુક કાળ રાહ જોવી જ પડે એવુંય નહીં ને, પાછું તરત જ પણ થાય?**

● ઉત્તર : રાહ એની જોવાની એવું કાંઈ નથી. જેની અંતર દશા ચાલુ છે, જેની ભેદજ્ઞાનની દશા ચાલુ છે. એને અમુક ટાઈમે થયા વગર રહેતું જ નથી. એને ટાઈમનું બંધન નથી. અમુક ટાઈમે થયા વગર રહેતું જ નથી. જેને અંતરની દશા છે, ભેદજ્ઞાનની ધારા વર્તે જ છે, એને થયા વગર રહેતુ જ નથી. જે ન્યારો થયો અંતરમાંથી, જેનો ઉપયોગ બહાર ગયો તે અંતરમાં પાછો આવ્યા વગર રહેતો જ નથી. તે ઉપયોગને કાંઈ બહાર, એને બહાર કાંઈ સર્વસ્વ છે? એને તો ભેદજ્ઞાનની ધારા વર્તે જ છે. પોતે જુદો ન્યારો–ક્ષણે–ક્ષણે ન્યારો વર્તે છે. ન્યારી પરિણતિ તો છે જ. ઉપયોગ તો પલટાઈ જાય છે. જેવી પરિણતિ છે તેવો ઉપયોગ પાછો આવ્યા વગર રહેતો જ નથી. પરિણતિ જુદું કામ કરે છે. ઉપયોગ બહાર

જાય છે. એ પરિણતિની દોરી ઉપયોગને પાછી લાવ્યા વગર રહેતી નથી. પરિણતિ તો ન્યારી છે પોતે જ્ઞાયકરૂપે ભેદજ્ઞાનની ધારા નિરંતર ક્ષણે–ક્ષણે વિભાવના વિકલ્પ વચ્ચે એની દોરી ન્યારી ક્ષણે-ક્ષણે સહજપણે છે. તે પરિણતિની દોરી ન્યારી છે તે ઉપયોગને ત્યાં ટકવા દેતી જ નથી. અમુક ટાઈમે ઉપયોગ પાછો જ આવે છે. તે સ્વરૂપમાં લીન થયા વગર, નિર્વિકલ્પ થયા વગર એને રહેતી જ નથી. પરિણતિ તે ઉપયોગને પાછી પોતામાં લાવે છે. ૩૫.

**✻ પ્રશ્ન : જ્ઞાનીની સવિકલ્પદશા એટલી મજબૂત છે કે નિર્વિકલ્પ ઉપયોગની લાચારી કરવી પડતી નથી, એ આવે જ?**

● ઉત્તર : એને કાંઈ લાચારી કરવી પડતી નથી. એની દશા જ એવી છે. એને શાંતિ અને હૂંફ જ છે. એની દશા જ એવી છે. પોતે ક્યાંય એકત્વબુદ્ધિથી વર્તતો નથી. ન્યારો જ વર્તે છે. એવી ન્યારી પરિણતિ જ તે ઉપયોગને પાછી લાવે છે. એ ઉપયોગ બહાર લાંબો ટાઈમ ટકી શકતો નથી. એ ઉપયોગ પાછો પોતાના સ્વરૂપમાં લીન થયા વગર રહેતો જ નથી. એની ન્યારી પરિણતિ જ એને પાછી લાવે છે. એ કાંઈ એને એની લાચારી નથી કરવી પડતી. પોતાની પરિણતિ જ એ ઉપયોગને પાછી લાવે છે. એનું એવું નથી કે નિર્વિકલ્પ દશા ક્યારે આવશે? એની વાટ જોઈને બેસવાનું નથી એને. એની કાંઈ એને શંકા પડતી નથી. પરિણતિ જ ઉપયોગને પાછી ખેંચી લાવે છે. ૩૬.

**✻ પ્રશ્ન : નિર્વિકલ્પ દશા વધારે થાય તો વધારે મજબૂત બને એવુ ન હોય?**

● ઉત્તર : પરિણતિ જોરદાર થાય તો નિર્વિકલ્પ દશા થાય.૩૭.

**✻ પ્રશ્ન : ચોવીસે કલાક?**

● ઉત્તર : ચોવીસે કલાક. ત્રિકાળી આત્માના સ્વભાવનું અવલંબન છે. એ ઉપયોગ બહાર એનો એવો એકમેક થતો જ નથી. એ ઉપયોગ બહાર જાય તો પણ ન્યારો જ છે. પાછો સ્વરૂપમાં

જમાવટ કર્યા વગર રહેતો જ નથી. એની રુચિ જ એને પાછી, એની પરિણતિ જ એને પાછી લાવે છે. સહજપણું છે. ૩૮.

✻ પ્રશ્ન : સમ્યક્દર્શન વમી જાય છે એનું શું કારણ?

● ઉત્તર : એની પરિણતિમાં વાંધો. એનો પુરુષાર્થ છૂટી જાય છે. એની ન્યારી પરિણતિ જ છૂટી જાય છે. એકત્વબુદ્ધિ થઈ જાય છે. 'જ્ઞાયક જુદો, વિભાવ જુદો' એ જે પરિણતિ–જ્ઞાતાની ધારા ક્ષણે ક્ષણે અંશે જ્ઞાયકધારા, અંશે શાંતિ ધારા એ આત્માને સ્વાનુભૂતિનો આનંદ એ જુદો. બાકી જે અંતરની ન્યારી શાંતિ ધારા અને જ્ઞાયક ધારા જે હતી એ એને પરિણતિ જ છૂટી જાય છે. એ પરિણતિ એકમેક થઈ જાય છે. એટલે સ્વાનુભૂતિ ચાલી જાય છે. વર્તમાન પરિણતિ છૂટી જાય છે. એકત્વબુદ્ધિ થઈ જાય છે. પલટો ખાઈ જાય છે પરિણતિનો. ૩૯.

✻ શ્રોતા : જ્ઞાનીને નિર્વિકલ્પદશામાંથી બહાર આવીને દશા પણ બહુ સારી હોય છે?

● ઉત્તર : બહાર આવીને–ત્યારે પણ એને ભેદજ્ઞાન હોય છે. બહાર આવે તોય એકત્વબુદ્ધિ હોતી નથી. એકત્વ થાય તો એની દશા જ ન રહે. એ ભેદજ્ઞાન–અંતરમાં અંશે શાંતિ ધારા અને સમાધિની ધારા એને વર્ત્યા કરે જ. નિર્વિકલ્પ દશાની આનંદ દશા એક જુદી વાત છે. પણ બહાર આવે તો શાંતિધારા, આનંદ અને સમાધિની ધારા, જ્ઞાયક ધારા વર્તે જ છે. પણ અલ્પ છે ખરૂં એમ. જો અલ્પ પણ ન હોય તો કેવળજ્ઞાન થઈ જાય. કે અલ્પ છે, તે અલ્પ પણ મારે જોઈતું નથી. આટલું તો મારે આટલુંય નથી જોઈતું. આંખમાં રજકણ જેટલું. મને એટલુંય નથી જોઈતું. મને પૂર્ણ થઈ જાવ આ કાંઈ મારે જોઈતું નથી. (એવી ભાવના હોય છે) ૪૦.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો

ભગવતી માતાનો જય હો